# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-11-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) ગુજરાતના વડતાલ સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવમાં વર્ચ્યૂઅલ માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'સમગ્ર વિશ્વ આજે ભારતના યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે.'.
2) ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ દેશના 51મા મુખ્ય ન્યાયાધીશ પદના શપથ ગ્રહણ કર્યા
3) ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનો પ્રચાર આજે પૂર્ણ થશે.
4) ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કથિત રીતે પ્રથમ વખત લેબનોનમાં સામૂહિક પેજર વિસ્ફોટ કર્યા હોવાનું સ્વીકાર્યું
5) તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આજે ભારે વરસાદની આગાહી
6) ઇટાલીમાં એટીપી ટેનિસ સ્પર્ધાની ફાઇનલ મેચમાં ભારતીય ખેલાડી રોહન બોપન્ના તેમના ઓસ્ટ્રેલિયન સાથી ખેલાડી સાથે મેદાનમાં ઉતરશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM SWAMINARAYAN TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'સમગ્ર વિશ્વ આજે ભારતના યુવાનોની ક્ષમતાથી આકર્ષિત છે. આજે વિશ્વના મોટાભાગના નેતાઓ ભારતીય યુવાનો, કુશળ

માનવશક્તિ તેમના દેશોમાં કામ કરે તેવી આશા રાખે છે. ગુજરાતના વડતાલમાંશ્રી સ્વામિનારાયણ મંદિરના દ્વિ-શતાબ્દી મહોત્સવને વર્ચ્યૂઅલ સંબોધતા શ્રી મોદીએ આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'આપણા યુવાનોની વૈશ્વિક માગ હજી વધવાની છે. વિકસિત ભારત માટે યુવાનોને મજબૂત બનાવવા જોઈએ અને કુશળ યુવાનો દેશની સૌથી મોટી શક્તિ બનશે.'

(બાઈટ –પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વડતાલ મંદિર)

આ પ્રસંગને યાદગાર બનાવવા માટે સરકારે 200 રૂપિયાનો ચાંદીનો સિક્કો અને સ્મારક ટિકીટ બહાર પાડી તે અંગે શ્રી મોદીએ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, '200 વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત વડતાલ ધામની આધ્યાત્મિક ચેતનાને લોકોએ જીવંત રાખી છે. આ પ્રસંગ લોકો માટે ભારતીય સંસ્કૃતિના શાશ્વત પ્રવાહનો પૂરાવો છે.'

# DAY CJI OATH

ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ આજે દેશના 51મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડના અનુગામી બન્યા છે. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ઉપસ્થિત રહ્યા હતા.

# JHARKHAND CAMPAIGNING

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનો ચૂંટણી પ્રચાર આજે પૂર્ણ થશે. આ તબક્કામાં 43 વિધાનસભા બેઠક માટે 13 નવેમ્બરે મતદાન થશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA અને ઇન્ડી

ગઠબંધન બંનેના સ્ટાર પ્રચારક પોતપોતાના ઉમેદવારોના પક્ષમાં સમર્થન મેળવવા મતદારોને રિઝવવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી બપોરે ઝારખંડમાં પક્ષના કાર્યકર્તાઓના "મેરા બૂથ સબ સે મજબૂત" કાર્યક્રમને સંબોધિત કરશે. જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પૂર્વ મુખ્યમંત્રી ચિમ્પઈ સૉરેનના સમર્થનમાં આદિત્યપુરમાં આવેલા ફૂટબૉલ મેદાન ખાતે રેલી યોજશે.

આ તરફ કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે પન્કી અને છતરપૂર વિધાનસભા મતવિસ્તારમાં 2 ચૂંટણી રેલી યોજશે. ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સૉરેન હુસ્સેનાબાદ, સરાઈકેલા, ઈછાગઢ અને સિલિ મતવિસ્તારમાં સભાઓ સંબોધશે.

# ASSAM BYPOLLS

આસામમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટેનો પ્રચાર પણ આજે સાંજે સમાપ્ત થશે. કુલ 34 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ઘણા વરિષ્ઠ નેતાઓ આજે જાહેર રેલીઓ અને જાહેર સભાઓ કરી રહ્યા છે.

# COP 29

સંયુક્ત રાષ્ટ્રનું 29મું વાર્ષિક આબોહવા પરિવર્તન સંમેલન આજથી અઝરબૈજાનના બાકુ ખાતે શરૂ થશે. નાણાકીય સંમેલન તરીકે રજૂ કરાયેલા 2 સપ્તાહના આ કાર્યક્રમમાં આબોહવા પરિવર્તનથી અસરગ્રસ્ત થનારા સૌથી વધુ અસલામત દેશોમાં તેના નવા આર્થિક લક્ષ્યને કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે સુનિશ્ચિત કરવા પર વિચાર કરાશે. આમાં ભારત સહિત 200થી વધુ દેશના પ્રતિનિધિ

ઉપસ્થિત રહેશે અને વૈશ્વિકસ્તર પર તાપમાનમાં વધારાને મર્યાદિત કરવા પેરિસ કરારને આગળ વધારવા પર એકસાથે મળીને ચર્ચા કરાશે.
સંમેલનમાં આબોહવા પરિવર્તન સંબંધિત બાબતોને પહોંચવાની શક્તિને મજબૂત કરવા અને વિકાસશીલ દેશો માટે સમર્થન મેળવવા અંગે પણ સંવાદ કરાશે. સમસ્યાનું નિવારણ સામે હોવા છતાં વિકાસશીલ દેશોમાં રોકાણની અછત છે. એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે, આબોહવા પરિવર્તન પરઆ સંમેલનથી મજબૂત આર્થિક સ્થિતિના નવા યુગનો પ્રારંભ થઈ શકે છે. ભારત અને પછાત અને વિકાસશીલ દેશો માટે આબોહવા પરિવર્તનના લક્ષ્યોને પૂર્ણ કરવામાટે નાણાં, ટેક્નૉલોજી અને ઊર્જા સંશાધનોની પહોંચ આવશ્યક છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# JK FIRE

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આજે આગના બનાવમાં એક મહિલા અને તેમના 2 બાળકના મોત નીપજ્યાના અહેવાલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, દ્રબશલ્લાના બધાત-બશર ગામમાં સવારે સાડા ચાર વાગ્યાની આસપાસ એક ઘરમાં આગ લાગતાં મૃતકો અંદર  જ ફસાઈ ગયા હતા. આગ લાગવાનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. આ અંગે તપાસ ચાલી રહી છે.
દરમિયાન ગઈકાલે મોડી રાત્રે કિશ્તવાડ જિલ્લાના ચટરુમાં વિદ્યાર્થીઓની હૉસ્ટેલ ગુજ્જર બકરવાલમાં પણ આગ લાગી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહતી.

# PM-AZAD

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબુલ કલામ આઝાદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ  કહ્યું કે મૌલાના આઝાદને જ્ઞાનની દીવાદાંડી તરીકે અને ભારતની સ્વતંત્રતા ચળવળમાં તેમની ભૂમિકા માટે યાદ કરવામાં આવે છે. શ્રી મોદીએ કહ્યું કે તેઓ એક મહાન વિચારક અને પ્રખર લેખક પણ હતા. સરકાર વિકસિત અને સશક્ત ભારત માટે તેમના લક્ષ્યથી પ્રેરિત હોવાનું પણ તેમણે કહ્યું હતું.

# PM KRIPLANI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આચાર્ય જે.બી. કૃપલાનીને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. તેમણે સોશિયલ મીડિયાના સંદેશમાં લખ્યું કે, આચાર્ય કૃપલાની ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક મહાન હસ્તિ હતા. તેઓ જ્ઞાન, અખંડિતતા અને સાહસના પ્રતિક હતા. શ્રી મોદીએ કહ્યું કે, આચાર્ય જે.બી. કૃપલાની લોકતાંત્રિક મૂલ્યો અને સામાજિક ન્યાયના સિદ્ધાંત પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.

# ISRAEL-LEBANON ATTACK

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કથિત રીતે પ્રથમ વખત સ્વીકાર્યું છે કે ઇઝરાયેલે લેબનોનમાં સામૂહિક પેજર વિસ્ફોટ કર્યા હતા, ઇઝરાયેલના મીડિયા સ્રોતો અનુસાર તેમણે એમ પણ કહ્યું હતું કે આ ઓપરેશનને કારણે જ હિઝબુલ્લાહના નેતા હસનન સરાલ્લાહનું મૃત્યુ થયું હતું,

સપ્ટેમ્બરમાં થયેલા ઓપરેશનમાં હિઝબોલ્લાહના સંચાલકોને નિશાન બનાવીને હજારો પેજર્સ અને વોકી-ટોકિમાં વિસ્ફોટ કરાયો હતો. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, હુમલાઓમાં બાળકો સહિત 37 લોકોના મોત થયા હતા અને આશરે ત્રણ હજાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા..

# TRUMP - PUTIN - CALL

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે તાજેતરમાં ટેલિફોનિક વાતચીત થઈ હતી. શ્રી ટ્રમ્પે રશિયન પ્રમુખને યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષ અટકાવવા વિનંતી કરી હતી. વાતચીત દરમિયાન શ્રી ટ્રમ્પે અઢી વર્ષ લાંબા સંઘર્ષને ઉકેલવા માટે મોસ્કો સાથે સઘન ચર્ચા કરવા તત્પરતા દાખવી હતી..

યુએસ મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો છે કે શ્રી ટ્રમ્પે યુરોપમાં અમેરિકી સૈન્યની નોંધપાત્ર હાજરી અંગે પણ ચર્ચા કરી હતી. યુક્રેન સંઘર્ષના નિરાકરણ માટે અમેરિકા અસરકારક કામગીરી કરવા પણ આતુર હોવાનો પણ શ્રી ટ્રમ્પે ઉલ્લેખ કર્યો હતો. અગાઉ બુધવારે તેમણે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે વાત કરી હતી. દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખે પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા સુરક્ષિત કરવા અમેરિકાના નવા વહીવટીતંત્ર સાથે સહયોગ કરવા અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું કે, આંધ્રપ્રદેશના દરિયાકાંઠા, યનમ અને રાયલસીમામાં આવતીકાલે ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 2 દિવસ દરમિયાન પશ્ચિમ પંજાબ અને ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં દિવસ અને રાત્રે વાદળછાયું વાતાવરણ રહી શકે છે. વિભાગે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તારમાં આગામી 2થી ત્રણ દિવસ દરમિયાન ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી છે.

# REV. TENNIS -ATP FINALS

ઇટાલીના તુરીનમાં રમાઈ રહેલી એટીપી ટેનિસ સ્પર્ધાની ફાઇનલ મેચમાં ભારતીય ખેલાડી રોહન બોપન્ના અને તેમના ઓસ્ટ્રેલિયન સાથી ખેલાડી મેથ્યુ

એબ્ડેન આજે તેમના અભિયાનની શરૂઆત કરશે. આ જોડી મેન્સ ડબલ્સમાં ઇટાલિયન ખેલાડી એન્ડ્રીયા વાવાસોરી અને સિમોન બોલેલીની જોડી સામે રમશે. મેચ રાત્રે 10 વાગીને 20 મિનિટે શરૂ થશે.

આ જોડી આવતીકાલે બીજી મેચમાં, અલ સાલ્વાડોરના માર્સેલો અરેવાલો અને ક્રોએશિયાના મેટ પેવિકનો સામનો કરશે, અને બુધવારે રમાનારી છેલ્લી મેચમાં કેવિન ક્રાવિત્ઝ અને ટિમ પુટ્ઝની જર્મન જોડી સામે રમશે. દરેક ખેલાડી અથવા ટીમ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં પણ રમશે. આ પછી જૂથમાંથી ટોચના બે ખેલાડીઓ અથવા ટીમો સેમિફાઇનલમાં પહોંચશે.

# SQUASH NSWOPEN

ભારતના વીર ચોટરાનીએ કેનેડામાં સ્ક્વૉશના વ્હાઈટ ઑક્સ કપ 2024 પી.એસ.એ. ચેલેન્જર સ્પર્ધામાં જીત મેળવી છે. તેમણે ફાઈનલમાં કેનેડાના પાંચમા ક્રમાંકના ખેલાડી સલાહ એલ્ટૉર્ગમેનને 3—0થી પરાજય આપી આ ખિતાબ જીત્યો હતો. સ્ક્વૉશમાં ચોટરાનીનું આ અત્યારસુધીનું સૌથી સારું પ્રદર્શન છે. વીર ચોટરાનીએ સેમિ-ફાઈનલમાં ઇંગ્લેન્ડના ઑવેન ટેલરને 43 મિનીટ સુધી રમાયેલી મેચમાં 3—1થી પરાજય આપ્યો હતો.

# CUBA-EARTHQUAKE

પૂર્વ ક્યુબામાં ગઇરાત્રે 6.8ની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હોવાના અહેવાલ છે, જેના કારણે સેન્ટિયાગો ડી ક્યુબા અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું હતું.

સોશિયલ મીડિયાના માધ્યમથી ક્યુબાના રાષ્ટ્રપ્રમુખ મિગુએલ ડિયાઝ-કેનલે ભૂસ્ખલનના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા ઘર અને વીજ પુરવઠો ખોરવાયા અંગે માહિતી આપી હતી. રાહત અને બચાવકાર્યને તેઓ પ્રાથમિકતા આપી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.